# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૧ તા.૦૫-૧૨-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શિક્ષકોની બદલીઓની કાર્યવાહી અંગે.
સંદર્ભ :- ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૦/૬૯૩૯-૭૦૫૭ તા.૦૨-૧૨-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષનાં વધ-ઘટ બદલી કેમ્પ અંતર્ગત જે શિક્ષકોના બદલી હુકમ થયા છે તે પૈકી જે શિક્ષકોની બી.એલ.ઓ.તરીકેની કામગીરી ચાલુ છે તેવાં શિક્ષકોએ તેમના બદલી હુકમનો અમલ તા.૧૫-૦૧-૨૦૨૧ સુધી કરવાનો નથી. આવા શિક્ષકોએ તા.૧૬-૦૧-૨૦૨૧ના રોજ બદલી હુકમનો અમલ કરીને બદલીવાળી શાળામાં હાજર થવાનું રહેશે. આ રીતે બી.એલ.ઓ.ના કારણે તા.૧૫-૦૧-૨૦૨૧ના રોજ જે-તે શાળામાં હાજર થયા ન હોવા છતાં ભવિષ્યમાં તેઓની શાળાની દાખલ તા.૦૮-૧૨-૨૦૨૦ ગણવામાં આવશે.

જે શિક્ષકોની માતૃશાળા તથા માતૃઝોનના કારણે બદલી થઇ છે તેવા શિક્ષકોએ તેમની હાલની શાળાનાં કુલ મહેકમના ૯૦% શિક્ષકો જળવાઇ રહે તોજ બદલીવાળી શાળામાં હાજર થવા માટે હાલની શાળામાંથી છૂટા થવાનુ રહેશે. જો ૯૦% મહેકમ ન જળવાતું હોય તો સદર બદલી હુકમનો હાલ અમલ કરવાનો રહેતો નથી.

**બિડાણ :-** સંદર્ભિત પત્ર

તા.૦૫-૧૨-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ઈ.નં. 30874

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2020/6939-7057
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 02/12/2020

પ્રતિ,

- જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી, તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- પ્રાથમિક શિક્ષકોની બદલીઓની કાર્યવાહી અંગે.
સંદર્ભઃ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઈ/112019/સીંગલફાઈલ-3/ક તા.02/12/2020

શ્રીમાન,

સવિનય ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના તા.21/10/2020 ના પત્રથી તા.31/08/2020 ના સેટઅપ મુજબ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની બદલીઓના આયોજન કરવા બાબતે આપવામાં આવેલ મંજૂરીના અનુસંધાને આ કચેરીના તા.12/11/2020 ના પત્રથી જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકના વર્ષ 2020-21 ના વધ-ઘટ કેમ્પ તા.23/11/2020 થી તા.30/11/2020 સુધી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે.

જે સંદર્ભમાં શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી મળેલ સૂચના મુજબ, "ઉક્ત બદલી કેમ્પ કરવાની સૂચના રાજ્ય સરકારશ્રીની મંજૂરીથી આપવામાં આવેલ હોઈ, સ્થાનિક કક્ષાએથી આ બદલી કેમ્પ રદ કરવા કે મોકૂફ રાખવાની સૂચના આપી શકાશે નહીં.

વધુમાં, હાલ રાજ્યમાં મતદાર યાદી સુધારણાની કામગીરી પણ થઈ રહેલ હોઈ, જે પ્રાથમિક શિક્ષકોને બુથ લેવલ ઓફિસરની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે તે શિક્ષકોના કિસ્સામાં તા.15/01/2021 સુધી બદલીના હુકમનુ અમલીકરણ કરવાનુ રહેશે નહીં."

ઉપર મુજબની સૂચનાઓની સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને તથા શાળાઓના આચાર્યને જાણ કરવા અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ- સંદર્ભદર્શિત પત્રની નકલ

નકલ સવિનય રવાનાઃ-

- ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સરદાર ભવન, બ્લોક નં. ૫, આઠમો માળ,
ગાંધીનગર – ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨૫૧૩૨૫

પત્ર ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૯/સીંગલ ફાઇલ-૩/ક

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
02 DEC 2020
આવક નં. ૩૦૮૭૫
શાખા: ક-ગીરી

તારીખ: ૦૨/૧૨/૨૦૨૦

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,
ગાંધીનગર.

વિષય : પ્રાથમિક શિક્ષકોની બદલીઓની કાર્યવાહી અંગે.

સંદર્ભ : મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્યનો પત્ર ક્રમાંક :
ઇએલઆર/૧૪૨૧/૯૫(૨)/છ, તા.૦૧/૧૨/૨૦૨૦.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આ વિભાગના તારીખ ૨૧/૧૦/૨૦૨૦ના સરખા ક્રમાંકના પત્રથી તારીખ ૩૧/૦૮/૨૦૨૦ના સેટ અપ મુજબ રાજ્યમાં નીચેના ક્રમાનુસાર બદલી કેમ્પનું આયોજન કરવા માટે રાજ્ય સરકારશ્રી તરફથી આપશ્રીની કચેરીને જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવેલ છે.

૧. વધ-ઘટ બદલી કેમ્પ ૨. જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પ ૩. જિલ્લા ફેરબદલી કેમ્પ
૪. જિલ્લા આંતરિક અરસ પરસ બદલી કેમ્પ ૫. જિલ્લાફેર અરસ પરસ બદલી કેમ્પ.

ઉક્ત કેમ્પની કાર્યવાહી હાલમાં જિલ્લાઓમાં પ્રગતિમાં છે. બદલી કેમ્પનું આયોજન કરવા માટેની **ઉક્ત સૂચનાઓ રાજ્ય સરકારશ્રીની મંજૂરીથી આપવામાં આવેલ હોઇ, સ્થાનિક કક્ષાએથી આ બદલી કેમ્પ રદ્દ કરવા કે મોકૂફ રાખવાની સૂચના આપી શકાશે નહીં** તે બાબતની નોંધ લેવા સર્વે સંબંધિત અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.

**વધુમાં, હાલ રાજ્યમાં મતદાર યાદી સુધારણાની કામગીરી પણ થઇ રહેલ હોઇ, જે પ્રાથમિક શિક્ષકોને બુથ લેવલ ઓફીસરની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે તે શિક્ષકોના કિસ્સામાં તા.૧૫/૦૧/૨૦૨૧ સુધી બદલીના હૂકમનું અમલીકરણ કરવાનું રહેશે નહીં.**

આપનો વિશ્વાસુ,
(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના :

- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોકનં.૭/૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ

(મારફત : નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી)